પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૦૫ | ૫ ઓક્ટોબર, ૨૦૨૨, બુધવાર; આસો સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# ઉત્તરાખંડમાં હિમપ્રપાત : ૧૦ પર્વતારોહકનાં મોત

**ઉત્તરાખંડના ડોકરાણી બમાક ગ્લેશિયરમાં ભારે હિમપ્રપાત : ૧૦ તાલીમાર્થી પર્વતારોહકનાં મોત : નહેરુ ઇન્સ્ટિટ્યૂટ ઓફ માઉન્ટેનિયરિંગના તાલીમાર્થી ૨૮ પર્વતારોહક હતા : આઠ પર્વતારોહકને બચાવી લેવાયા, દટાયેલા અન્યોને શોધવા વાયુસેનાની મદદ પણ લેવાઈ**

દેહરાદૂન , તા.૧૦

ઉત્તારાખંડના ડોકરાણી બમાક ગ્લેશિયરમાં ભારે હિમપ્રપાતને કારણે મંગળવારે ઉત્તરકાશી સ્થિત નહેરુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ માઉન્ટેનિયરિંગના ઓછામાં ઓછા ૧૦ તાલીમાર્થીઓ માર્યા ગયા હતા. અન્ય કેટલાક પર્વતારોહકો કે જેઓ ૨૮ ના જૂથનો ભાગ હતા તેઓ હજુ પણ ફસાયેલા છે અને તેમને બહાર કાઢવા માટે બચાવ પ્રયાસો ચાલુ છે. તેમાંથી આઠને બચાવી લેવાયા છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે, અન્ય લોકોને બહાર કાઢવા માટે શોધ અને બચાવ કામગીરી




શરૂ કરવામાં આવી છે જેઓ હજુ પણ ક્રેવેસમાં ફસાયેલા છે.સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ ઉપરાંત, ભારતીય વાયુસેના દ્વારા પણ ઘાયલ લોકોને બહાર કાઢવા માટે ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.એક વર્ષમાં ૩૦ મૃત્યુ સાથે, ઉત્તરાખંડ અને પડોશી હિમાચલ પ્રદેશમાં ટ્રેકિંગની તેજીની નકારાત્મક બાજુએ નિષ્ણાતોને ચિંતા કરતા કરી દીધા છે. તેઓ કહે છે કે અનિયંત્રિત આયોજકો, સોશિયલ મીડિયાનું દબાણ અને સલામતી પ્રોટોકોલની અવગણના આ માટે જવાબદાર છે.

● અનુસંધાન પાન-૭ પર

## કેલિફોર્નિયામાં આઠ માસની બાળકી સહિત ભારતીય મૂળના પરિવારના ચારનાં અપહરણ

**સંદિગ્ધ ખતરનાક અને હથિયારધારી છે, આ મામલે વધુ માહિતી હજુ મળી શકી નથી કારણ કે તપાસ હજુ પ્રાથમિક તબક્કામાં છે**

કેલિફોર્નિયા, તા.૧૦

અમેરિકાના કેલિફોર્નિયાથી એક હચમચાવી નાખતા સમાચાર આવ્યા છે. સોમવારે ભારતીય મૂળના ચાર લોકોનું અપહરણ કરવામાં આવ્યું. જેમાં એક ૮ મહિનાની બાળકી પણ સામેલ છે. આ ઘટના કેલિફોર્નિયાના મર્સ્ડ કાઉન્ટીની છે. એબીસી ન્યૂઝ મુજબ મર્સ્ડ કાઉન્ટીની શેરીફ ઓફિસે સોમવારે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું છે કે ૩૬ વર્ષના જસદીપ સિંહ, ૨૭ વર્ષની જસલીન કૌર અને તેમના આઠ મહિનાની બાળકી અરુહી અને ૩૯ વર્ષના અમરદીપ સિંહનું અપહરણ કરાયું છે. પોલીસનું કહેવું છે કે સંદિગ્ધ ખતરનાક અને હથિયારધારી છે.

આ મામલે વધુ માહિતી હજુ મળી શકી નથી કારણ કે તપાસ હજુ પ્રાથમિક તબક્કામાં છે. પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

## ભારતીય શેરબજારમાં તેજીનો દબદબો

**સેન્સેક્સમાં ૧૨૭૬ અને નિફ્ટીમાં ૩૮૬ પોઈન્ટનો જબજસ્ત ઊછાળો : બેંકો, મેટલ, આઈટી, પાવર અને રિયલ્ટીમાં ૨-૩ ટકાના ઉછાળા સાથે તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયો**

મુંબઈ, તા.૧૦

મંગળવારે ભારતીય શેરબજારમાં તેજીનો દબદબો રહ્યો હતો. શરૂઆતના ટ્રેડિંગ સેશનથી બજારમાં મજબૂત ખરીદી જોવા મળી હતી અને તમામ સૂચકાંકો લીલા નિશાન પર ટ્રેડ થઈ રહ્યા હતા. આખો દિવસ આવું ચાલ્યું. મંગળવારે ભારતીય શેરબજારમાં જોરદાર કારોબાર જોવા મળ્યો હતો. છેલ્લા ટ્રેડિંગ સેશનના અંતે સેન્સેક્સ અને નિફ્ટી બંને લીલા નિશાનમાં બંધ થયા હતા. ટ્રેડિંગના અંતે સેન્સેક્સ ૧૨૭૬ પોઈન્ટના ઉછાળા સાથે ૫૮,૦૬૫ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૩૮૬ પોઈન્ટ વધીને ૧૭૨૭૪ પર બંધ રહ્યો હતો.

બેંકો, મેટલ, આઈટી, પાવર અને રિયલ્ટીમાં ૨-૩ ટકાના ઉછાળા સાથે તમામ ક્ષેત્રીય સૂચકાંકો લીલા નિશાનમાં બંધ થયા હતા.

આજે આખા દિવસમાં આશરે ૨૪૫૬ શેર વધ્યા હતા, ૭૨૨ શેર ઘટ્યા હતા અને ૧૧૫ શેર યથાવત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે બજાર ખુલતાની સાથે જ સેન્સેક્સ ૧૧૦૦ અંક વધીને ૫૭,૮૮૯ પર પહોંચી ગયો હતો, જ્યારે નિફ્ટી ૩૦૨ અંક વધીને ૧૭૧૮૯ પર ટ્રેડ કરી રહ્યો હતો. સોમવારે બીએસઈ બેન્ચમાર્ક ૬૩૮.૧૧ પોઈન્ટ અથવા ૧.૧૧ ટકા ઘટીને ૫૬,૭૮૮.૮૧ પર બંધ થયો હતો.

નિફ્ટી ૨૦૭ પોઈન્ટ અથવા ૧.૨૧ ટકાના ઘટાડા સાથે ૧૬,૮૮૭.૩૫ પર બંધ રહ્યો હતો.ઈન્ડસઈન્ડ બેંક, અદાણી પોર્ટ્સ, કોલ ઈન્ડિયા, હીરો મોટોકોર્પ અને બજાજ ફાઈનાન્સ નિફ્ટીમાં ટોપ ગેઈનર હતા. બીજી તરફ પાવર ગ્રીડ કોર્પોરેશન, ડૉ. રેડ્ડીઝ લેબોરેટરીઝના શેરને નુકસાન થયું હતું.

## કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક (જેલ)ની હત્યા

**આતંકવાદી સંગઠન TRFએ લીધી જવાબદારી : હેમંત લોહિયાની તેમના નિવાસસ્થાન પર ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી અને આ ઘટના બાદ હેમંત લોહિયાનો ઘરેલુ નોકર ફરાર થઈ ગયો હતો**

જમ્મુ, તા.૪

સોમવારે મોડી રાત્રે જમ્મુ




અને કાશ્મીરમાં એક મોટી ઘટના પ્રકાશમાં આવી હતી. જમ્મુ અને કાશ્મીરના પોલીસ મહાનિર્દેશક (જેલ) હેમંત લોહિયાની અહીં તેમના નિવાસસ્થાન પર ગળું કાપીને હત્યા કરવામાં આવી હતી. આતંકવાદી સંગઠન ્ઈહ્ર (ધ રેઝિસ્ટન્સ ફ્ન્ટ)એ આ હુમલાની જવાબદારી લીધી છે. જો કે આ ઘટના બાદ હેમંત લોહિયાનો ઘરેલુ નોકર પણ ફરાર થઈ ગયો હતો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આ અંગે માહિતી આપી છે. અધિક પોલીસ મહાનિર્દેશક (જમ્મુ ક્ષેત્ર) મુકેશ સિંહે કહ્યું કે ઘરેલું સહાયક ઘટના બાદથી ફરાર છે. પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

આ ઘટના એવા સમયે બની છે જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત

● અનુસંધાન પાન-૭ પર

### હત્યા કરનારા નોકરને પોલીસે ઝડપી લીધો

નવી દિલ્હી , તા.૧૦

જમ્મુ-કાશ્મીરમાં જેલના ડીજી એચ.કે.લોહિયાનની હત્યા બાદ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું છે. લશ્કર-એ-તૈયબાના સંગઠન ટીઆરએફે આ હત્યાની જવાબદારી લીધી છે. જો કે, પોલીસ આ હાલ તો આ ઘટનાને આતંકી ઘટના માની રહી નથી. હત્યાનેઅંજામ આપનારો બીજો કોઈ નહીં પણ યાસિર અહમદ છે. જે તેમના ઘરે નોકર તરીકે કામ કરતો હતો. ત્યારે યાસિર અહેમદને પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે જણાવ્યું કે, યાસિર અહેમદ વ્યવહારમાં ખૂબ જ આક્રમક હતો. જો કે, મૃતક ડીજી પોતાના નોકર યાસિર અહેમદ પર ખૂબ જ વિશ્વાસ કરતા હતા. ત્યારે સવાલ એ ઉઠી રહ્યો છે કે શું યાસિર

● અનુસંધાન પાન-૭ પર

## પાત્રા ચાલ કૌભાંડમાં સંજય રાઉતની કસ્ટડી ૧૦ ઓક્ટોબર સુધી લંબાવાઈ

**શિવસેનાના નેતાને ૬૫ દિવસ બાદ પણ રાહત ન મળી**

મુંબઈ, તા.૧૦

પાત્રા ચાલ મામલે તપાસનો સામનો કરી રહેલા શિવસેના સાંસદ સંજય રાઉતને ૬૫ દિવસ બાદ પણ રાહત નથી મળી. આજે તેમની કસ્ટડી ૧૦ ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. ૧ હજાર કરોડ રૂપિયાથી વધુના પાત્રા ચાલ જમીન કૌંભાડની તપાસ ઈડી કરી રહી છે. આ ઉપરાંત આ મામલે અન્ય સબંધિત લોકોની પણ પૂછપરછ ચાલું છે.

મંગળવારે સુનાવણી માટે પહોંચેલા રાઉતને હાલમાં ૧૦ ઓક્ટોબર સુધી કસ્ટડીમાં જ રહેવું પડશે. અગાઉ આ મામલાની સુનાવણી ૧૯ સપ્ટેમ્બરના રોજ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) સ્પેશિયલ કોર્ટમાં થઈ હતી. તે દરમિયાન શિવસેનાના વરિષ્ઠ નેતાની કસ્ટડી અવધિ ૧૪ દિવસ માટે લંબાવવામાં આવી હતી.

તપાસ એજન્સીએ રાઉતની ૧ ઓગસ્ટના રોજ પાત્રા ચાલ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં કથિત આર્થિક અનિયમિતતાઓ બદલ ધરપકડ કરી હતી. આ પહેલા ૨૮ જૂને પણ ઈડી દ્વારા તેમને પૂછપરછ માટે બોલાવવામાં આવ્યા હતા. ઓગસ્ટમાં રાઉતની પત્ની વર્ષા રાઉત પણ તપાસ એજન્સી સમક્ષ પૂછપરછ માટે હાજર થઈ હતી.




## ભાજપ માટે કામ કરે છે પ્રશાંત કિશોર, પદયાત્રા પર પણ ઉઠાવ્યા સવાલ

**પ્રશાંત કિશોર પર આરજેડીનો આક્ષેપ : બિહારના લોકો જાણે છે કે નીતિશ કુમારના શાસનમાં કેટલી પ્રગતિ થઈ છે : જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજીવ રંજનસિંહ**

નવી દિલ્હી, તા.૪

બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારની પાર્ટીએ તેના પૂર્વ રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રશાંત કિશોર પર ભાજપ વતી કામ કરવાનો આરોપ લગાવ્યો છે. જેડીયુએ પ્રશ્ન ઉઠાવ્યો હતો કે તેમના બહુ પ્રચારિત જન સૂરજ અભિયાન માટે ભંડોળનો સ્રોત શું છે. જેડીયુના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજીવ રંજન સિંહ ઉર્ફે લલન સિંહે કિશોરની રાજ્યવ્યાપી પદયાત્રાની નિંદા કરતા કહ્યું કે બિહારના લોકો જાણે છે કે મુખ્યમંત્રી નીતિશ કુમારના શાસનમાં કેટલી પ્રગતિ થઈ છે. અમને પ્રશાંત કિશોરના પ્રમાણપત્રની જરૂર નથી.

લલન સિંહે કહ્યું કે પ્રશાંત કિશોર ભલે તેમના પ્રચાર માટે કોઈ પણ નામ આપે પરંતુ એવું લાગે છે કે તેઓ ભાજપ વતી કામ કરી રહ્યા છે. કેટલી વાર સુસ્થાપિત રાજકીય પક્ષો આખા પાનાની જાહેરાતો આપતા જોવા મળ્યા છે, એમ તેમણે જણાવ્યું હતું. પ્રશાંત કિશોરે પોતાની પદયાત્રા માટે આ કર્યું હતું.

તેમણે સવાલ કર્યો કે આવકવેરા વિભાગ, સીબીઆઈ કે ઈડી શા માટે સંજ્ઞાન નથી લઈ રહ્યા. જેડીયુની ટિપ્પણી ભાજપના રાજ્ય પ્રવક્તા નિખિલ આનંદના નિવેદનના એક દિવસ બાદ આવી છે.

## તેલંગણાના મુખ્યમંત્રી કેસીઆર રાષ્ટ્રીય પાર્ટીનું એલાન કરશે

હૈદરાબાદ, તા.૧૦

તેલંગાણાના મુખ્યમંત્રી અને તેલંગાણા રાષ્ટ્ર સમિતિના અધ્યક્ષ કે ચંદ્રશેખર રાવ દશેરા પર પોતાની રાષ્ટ્રીય પાર્ટીનું એલાન કરશે. મુહૂર્ત ૫ સપ્ટેમ્બરે બપોરે ૧:૧૯ કલાકે નક્કી કરવામાં આવ્યું છે. રવિવારે મુખ્ય મંત્રી કેસીઆરે તેમના કેબિનેટ સાથીદારો અને પક્ષના તમામ ૩૩ જિલ્લા પ્રમુખો સાથે લંચ બેઠક કરી હતી. આ દરમિયાન કેસીઆરે રાષ્ટ્રીય પાર્ટીના શુભારંભ માટેના રોડમેપ પર ચર્ચા કરી. ટીઆરએસ ધારાસભ્ય દળ અને રાજ્ય કાર્યકારિણી સમિતિની એક વિસ્તારિત બેઠક બુધવારે તેલંગાણા ભવનમાં થવાની ઉમ્મીદ છે જેમાં રાષ્ટ્રીય દળ બનવા પર એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવશે.

ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

**કેપિટલ નર્સિંગ કોલેજ , મોટા ચિલોડા**

B.Sc. , GNM અને P.B.B.Sc નર્સિંગ પ્રોગ્રામ (ગુજરાત સરકાર માન્ય)

**ટીચિંગ સ્ટાફ જાહેરાત**

| ક્રમ નં | હોદ્દો | જગ્યા |
|---|---|---|
| 1 | પ્રિન્સીપાલ | 1 |
| 2 | વાઈસ પ્રિન્સીપાલ | 1 |
| 3 | એસોસીએટ પ્રોફેસર | 2 |
| 4 | આસિસ્ટન્ટ પ્રોફેસર | 3 |
| 5 | ટ્યુટર | 12 |
| 6 | ક્લાર્ક | 1 |

- લાયકાત , અનુભવ અને પગાર INC / GNC ના નિયમો પ્રમાણે
- રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના અનુભવ અને લાયકાતના પ્રમાણપત્રો અરજી સાથે નીચેના સરનામે મોકલવા વિનંતી

કેપિટલ નર્સિંગ કોલેજ
c/o , ઓમ એજ્યુકેશન કેમ્પસ , ઓમ લેન્ડમાર્ક સ્કુલ અને સવિતાબા ઓમ રાવલ હોસ્પિટલની બાજુમાં , મોટા ચિલોડા , તા.જી: ગાંધીનગર
Mo.No : +91 9687690602 , +91 9727764810
E-mail : capitalnursingcollege1@gmail.com

